છપ્પનનો ભયંકર દેખાવ

ઊર્ફે છપનના પાટા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ત્રવાડી જટાશંકર કાળીદાસ મેનેજર.

તથા

રેવાશંકર વલ્લભજી આકટીંગ મેનેજર.

દોહરો.

છપ્પન્ન કેરી સાલમાં, ઉપન્યો કાળો કેર,
હાહાકાર હુવા તહાં, મેઘે ન કીધી મેર.

સવંત ૧૯૫૬ આવૃત્તિ ૨ જી.

અમદાવાદ

કંદોઈની વાડીના મેડા ઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપ્યા.

કીંમત એક આનો.

છપ્પનનો ભયંકર દેખાવ.

શીખરણી છંદ.

અરેરે આતે શો, જુલમ છપ્પન્ન માંહે થયો;
અરેરે સાહુનો શું ગજબ ! બીજો ભવ થયો.
અરે આ ધાકારી, મનન થકી જાશે નવ સહ્યો;
હજારોની હાની, હરહર ન એકે જીવ રહ્યો.

સિતાજીના અહિનાનો—રાહ.

આવી છપન્ન કેરી સાલ, કે વાલ જતું રહ્યું;
નવ રહ્યું સોહ્યાનું નૂર, બળે છે અતી હૈયું. ૧
ગયું પંચાવનનું સુખ, અચાનક આ સમે;
નવ રહે દયાળુ કોઈ, જોઈ દુઃખ આ સમે. ૨
બહુ ગરીબ તણો પોકાર, ઠારોઠાર ઉઠતાં;
કંઈક અન્ન વિનાંનાં બાળ, ભૂખે શીર કુટતાં. ૩
નવ રહે કોઇની ધીર, ગાયુના ત્રાસથી;
ઘાસ વિના ગયા સ્વર્ગે પ્રાણ, કહું હવે શું કથી. ૪
મેઘરાજની મેર ન થાય, તેમાં શું સહુ કરે;
કદી દયા કરે મેઘરાજ, તો તો ગાયો ઉગરે. ૫
અન્ન વિના આ હઠી નાથ, રેવાએ છે ખરૂં;
પણ પાણી વીના જીવ જાય વદું છું ખરેખરૂં. ૬

લલીત છંદ.

ત્રાહ ત્રાહની તાળીઓ પડે, રાંક તો બહુ રસ્તામાં રડે;
ગાય ભેંસ તો ગામમાં બહુ, ઘાસ તો વીના ડોલતી સહુ,
ઠાર ઠાર તો પંડ પાડતી, ભૂખથી દુઃખી મુખ ફાડતી;
સીમમાં બહુ ઢોર જઈ ફર્યાં, ભૂખનાં દુઃખે સ્વર્ગે પરવર્યાં.
પ્રભુ પ્રભુ પ્રભુ શું હવે થશે, આ અતિ દુઃખો જોયાં કેમ જશે;
બાળકો દુઃખી રાંકનાં અતી, અન્ન તો વિના ધીરતાં નથી.

મેલી બાળકો રાંક ચાલીયાં, છોકરાં તણી છોડીને દયા;
માતના વિના બાળકો રડે, ત્રાહ ત્રાહની તાળીઓ પડે,
માઝનો અતિ સાહ્યતા કરે, પણ રાંકનું પુરૂં નાં પડે;
ગામમાં બહુ ભીક્ષુકો ફરે, અન્ન તેહને કયાંઇથી નવ મળે.
ભૂખના દુઃખે ભોંયપર પડે, નરમ નાડીએ ટાંગા તરફડે;
કોઈ અન્ન દો મુખથી ઓચરે, ત્રાહ ત્રાહની તાળીઓ પડે.

ભેખરે ઉતારો રાજા ભરથરી એ—રાહ.

પંચ વાયકા પુરી થઈ, કાઢેલ પ્રથમના બોલજી;
છપને તો પાટા પાડીયા, તેનો દીધો આ કોલજી.—પંચ.
સોનું રૂપું સોંઘું થયું, મોંઘું નાણાનું કામજી;
માણસો ગરીબો વિચારમાં, પૈસાદારોને હામજી.—પંચ.
વેચવા જતાં મન થરથરે, મહા મેનતથી મેળવ્યુંજી;
તો છપને નખોદ કાઢીયું કામ કારમુંક ભેળવ્યુંજી.—પંચ.
કંઇક સ્થાનક છોડી ચાલીયા, ગયા દેશ વિદેશજી;
કંઇક ગામ ખાલી થયાં, નવ લાગ્યો ઉપદેશજી.—પંચ.
નવ ગ્રહ નરભે થઈ રહ્યા, સાતે સામટા આવ્યાજી;
પ્રથમ પાણી વરસાવતાં, પછે આંખે નીર લાવ્યાજી.—પંચ.
શનીનો વક્ર થતાંય પણ, ગર્ભ ગળી ગયો જાણોજી,
અનુરાધા અવળી થઈ, પાણી ન આવ્યું પરમાણોજી.—પંચ.

મરશીયાં.

હાયવોયરે ક્યાંથી કાળજ તું આવ્યો;
છપ્પન્ને સપાટો બોલાવ્યોરે હાય.—વોયરે.
રાત દીવસ જંપે નહીં પ્રાણી, સુણો છપનના પાટાની એંધાણી;
ફળી પૂર્વે તણી આતો વાણીરે હાય.—વોયરે.
કોપ કારમોક આજ વરતાયો, કળ કળતા તે બાયોને ભાયો;
બહુ દુઃખી દીસે છે ગાયોરે હાય.—વોયરે.
અન્ન મોઘું દીસે છે જોતાં, કંઇક દુઃખીયાં દુઃખોમાં રોતાં;
કાંઇક ભૂખેથી સોડ તાણી સુતારે હાય.—વોયરે.

મહા જુલમ છપનમાંહી જાગ્યો, તેમાં નવાણુનો ધક્કો લાગ્યો;
સાત ગ્રહે મળીને કાંતો માગ્યોરે હાય.—વોયરે.
સાત ગ્રહે મળી કામ કીધું, પાણી આચમન કરીને પીધું;
દુનીયામાં રેવા નવ દીધુંરે હાય.—વોયરે.
ગરીબ લોકો ઉપાયો કરતા, કાંઇ લઇ બજારે ફરતા;
તેના દાણા પૂરા નવ થાતારે હાય.—વોયરે.
ક્રુર થઇ દેવે દંડ દીધો, એકીહારે સંહાર આ કીધો;
વ્હાલા જીવોને છીનવી લીધોરે હાય.—વોયરે.
હાય આશા દેખાડી ખોટી, પ્રથમ તો રેલ ફેલાવી;
પછી નેવે આવ્યાં નઇ પાણીરે હાય.—વોયરે.

ગુરૂગોવીંદના મહીનાનો—રાહ.

આવી છપન કેરી સાલ, એકે નવ ભાળીરે;
ગઇ ત્રેપનની પણ જાણ, આથી સવાઇરે.
કરી મેઘ રાજાએ મેહેર, બાકી નવ રાખીરે;
થઈ ગઇતી લીલા લેહેર, આનંદ પ્રગટાઇરે.
વળી પંચાવનમાં સુખ, અન્ન ઘણું પાકયુરે;
તે ઉપર દીધું આ દુઃખ નવ જાય સહ્યુંરે.
પ્રથમ નોતી જાણી કાંઇ વાત, વરસતણી આવીરે;
બ્રાહ્મણોના ખોટા પડ્યા જોશ, વદુ શું હું વાણીરે.

સોરઠો.

છપન કેરી સાલ, નજરે નીહાળી જુઓ;
ગયો ઓગણોતરો કાળ, પણ આવો નોતો પડયો.

દશા આ શી થઈ મારી એ રાહ.

છપનની સાલ આવી ભારી (૨) થઈ ગઈ હાય ખુવારી;

સાખી.

છપન કેરી સાલમાં, વરતાય કાળો કેર
લુંટારાતો વધ્યા બહુ, વગડામાં લે વેર
મારા મારી થાએ ભારી; કરે જીવોની ખુવારી— છપન.

સુખ સૌનું ઉડી ગયું, જગતતણું આ મૂલ;
નાણા વીનાના નર સહુ, જગમાં ફાકે ધુળ
દુ:ખી દુનીયા બહુ ભારી, તેમાં કોઈની નથી કારી— છપન.
નીર નદીનાં આ સમે, સુકાયાં સૌ ઠાર
ગંગા સ્વર્ગે પધારતાં સાથે થયાં તૈયાર
ગયું ધરતીનું ધનહારી, કરી છપનમાં ખુવારી— છપન.
ગૌ ગંગા સાથે વળી, જાવા થઈ છે તૈયાર
રક્ષણ કરો સૌ તેહનું, સાવધ થઇ નરનાર
દયા લાવીને મનમાંહી, ધાએ ભાઇ ધાએ ભાઇ— છપન.

સોરઠો.

જમીનપર ધીરે નહીં, શો કરવો ઉપાય;
બાળક હવે રડવડે, નિશ્ચે લીયેછે પ્રાણ.

કાચબા કાચબીના ભજનનો રાહ.

શુણો સહુ સમજુ શાણારે, છપનના બોલ વંચાણા
બ્રાહ્મણોતો બહુ જોશ જોઇને વદતા ઠારોઠાર,
શનીશ્ચરનો વક્ર થયો જેથી વરસાદ થાશે અપાર; સુણો.
તેહનો ગર્ભ ગળી ગયો, ત્યારે બોલ્યા ફરી વળી બોલ,
અનુરાધામાં અન્નત વદી, થાશે આલ્યો છે કોલ સુણો.
વળી અનુરાધા થઇને, બોલ ગયો તે વાર
તેહ બ્રાહ્મણો બંધ થઇ, બેશી રહ્યા નીરધાર સુણો.
વળી વાણીએતો વિચાર માંડયો, ભલો આવ્યોછે દાવ
અન્ન પુરણાએ કોપ કરો ત્યાં, ભારે ચડાવ્યો ભાવ સુણો.
માંહો માંહી વેપાર કરીને, ચડાવા થયા તૈયાર
પીઠ પલકમાં ચાર આના ચડી, જાતા ન લાગે વાર સુણો.
ત્યારે વિચાર્યું માહારાજાઓએ, સમજી પૂર્વનું સૂર.
કારખાનાના કામ કાઢી અન્ન, આપે આવે જે મજુર સુણો.
ત્યારે વેપારીઓ ઠંડા પડી પીઠ, ચડાવતા રહ્યા બંધ
નહીંતર જુલમ અતીશે જામત, ખુબ મચાવત જંગ સુણો.

કણબી કોદાળીઓ લઈ આવ્યા, કરવા ખેડનું કામ;
વાડીઓ વિવેકથી બનાવી, કાઢવા છપનનું નામ. સુણો.
સતવારાતો સાથી થઇને, તાણેછે કોસ તમામ;
કાંઇક મજુરીથી પેટજ ભરતા, મનમાં લાવી હામ. સુણો.
નાણાવાળા નરમ નજરથી, જોતા કરેછે વિચાર;
અર્ધ કીમતથી લઈ ઘરેણા, ધરમ કરવા તૈયાર. સુણો
સોનીમાઝન તો સોનાની માંહી, અતીશે હતા ગરકાવ;
તેણે તો વટાવીવટાવી ખાવા, બેઠા બીજો નથી દાવ. સુણો.
ઘડવાનો ઘાટ બંધ થયોને, સુકાઇ ગયો સહુ ઠાઠ;
ઉદાસ મનમાં રાત દીવસ તે, જોવાય હાટોહાટ. સુણો.
કંસારાના કામ બંધ થયા વળી, લેતું નથી કોઇ ઠામ;
બાદલો આપવા સામા આવે ત્યારે મનની છોડે હામ. સુણો.
પીંજારાઓએ પોક મુકી, તાંતુ ટીંગાણી રહી;
પીંજાવનારા કોઇ ન આવે, કેમ જીવાશે ભાઈ. સુણો.
હજામનીતો કોથળી ખાલી, દોડ બજારે બજાર;
મુંડાવનારા થોડા મળે ત્યારે, દુઃખ પામેછે અપાર. સુણો.
રજપૂત રૂડી સમશેરો લઇ, રક્ષણ કરે દીનરાત;
ઘરે આવલા નબળી સ્થીતીએ, કરતા તે કકળાટ. સુણો.
સુતારનું સુખ સહુ ગયું વળી, કરતા કાષ્ટનું કામ;
દુકાળમાંહી કામ ન ચાલે, હારી ગયા તે હામ. સુણો.
લુવાર તો વળી કોડો ધખાવી, તાપેછે ઠારોઠાર;
કામ જરાએ ચાલે નહીં ત્યારે, નીસાસા નાખે અપાર. સુણો.
મોચી મોજડીઓ શીવતાં કે છે, આના આવશે આઠ;
હમણાં ગરાગ આવતા દાણા લઈ, ખાશું જુવેછે વાટ. સુણો.
ગરાગતો ગામમાંથી ગયાને, રહી મોજડીયું ત્યાંય
પોક મુકીને મોચણ કે છે, હવે શું ખાવું હાય. સુણો.
રંગરેઓએ રંગ રૂડા કરી, કપડા રંગાછે અપાર;
ગરાગીના તુટા પડા ભાઈ, સુજે ન કંઈ આવાર. સુણો.

ખાવા બજારે બુમો પાડે, કોઇ ન આપે લોટ;
ઝોળીઓ કાંધે ઘાલીને તે તો, કાઢે હારોહાર દોટ. સુણો.
ખાલી ઝોળીઓ જોતાં તેને, ઉઠે છે મનમાં ત્રાસ;
હાય હવે આ દીન કેમ જાશે, બેઠા થઇને ઉદાસ. સુણો.

સોરઠો.

રવે વર્ણું અદ્ધાર, ધંધો કાંઈ ચાલે નહીં;
શું કરવું હવે કામ, ઉધાર કોઇ આલે નહીં.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

સંદેશો છપનીઆનો કોણે મોકલો, નવાણુંમાં નીર મળે નહીં ક્યાંઈ જો,
હાય અચાનક થયો આ કારમો, નીશદીન દુઃખીઆ કરતા ત્રાહી ત્રાહી જો;
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
તવોણી વસુધાતે તો સર્વે થઇ, ગઇ તેહની સર્વે સુધને શાન જો.
ભાન થઇને કંઇક ભમે છે બાવરા, ગાભરા થયા સર્વે મુકી માન જો;
સંદેશો છપનિયાનો કોણે મોકલ્યો.
દેશ વીદેશ જાતા ભય ભારી વળી, કળીનો તેમાં પ્રવેશ છે આવાર જો,
દુઃખ માંહી દુઃખ ગ્રહોનુ ઉલટયું સુલટું ક્યાંઇએ દીસે નહીં તલભાર જો
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
માણસ માથે થાવામાં બાકી નથી, કંઇક રડવડે રાંકા અવની મોઝાર જો;
ભુખે મરતાં ભુતળ માંહી તે પડયા રડયા કરે છે દીવસને વળી રાતજો.
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
કાળ દુકાળો સૃષ્ટી માંહી થાયછે, જાયછે. ચાલી જોતા ન લાગે વારજો.
આ છપનીઆથી દુખ દુનીઆ દેખતા, કેમ જશે આ કાળ કરે વિચારજો
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.
મુડદાં ઢોરોના બગડા માંહી પડયાં, જોતાં જોતાં ભુમી દીસે ભયંકરજો,
અરેરાટ અવનીમાં અદભુત ઉપન્યો, નખોદીઆ નવાણુનો બહુ મારજો;
સંદેશો છપનીઆનો કોણે મોકલ્યો.

સમાપ્ત.

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર નમ્રતા પુર્વક ખબર આપું છું કે નીચે મુજબ ચોપડીઓ છપાઈ તૈયાર રોકડી કીંમતે મળશે.

શ્રી દરેડ આર્યમનરંજક નાટક મંડળી તરફથી છપાયેલ પુસ્તકોની યાદી.

ચંદ્ર કુમુદના નાટકના ઓપેરા.................૦–૨–૦

ઉદયસિંહ પ્રભાવતીના ઓપેરા.................૦–૨–૦

બતૃહરીના ઓપેરા.................૦–૨–૦

વિનોદ વનીતા મોટું છપાય છે.................૧–૦–૦

નવીન સંગીત લીલાવતી છપાશે.................૦–૪–૦

કાવ્ય.વિલાપ.................૦–૨–૦

ધારાપતી જગદેવ પરમાર નાટક મોટું.........૦–૧૨–૦

ચોપડી મળવાનું ઠેકાણું કંપનીનું જ્યાં મુકામ હોય ત્યાંથી.

ત્રવાડી જટાશંકર કાળીદાસ.

શ્રી દરેડ આર્યમનરંજક કંપનીના મેનેજર.